ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# બેચરદાસ દોશી : પાંડિત્યપૂર્ણ વ્યક્તિત્વ

**Suresh Singala**

**Assistant Professor**

**GACC Jamkhambhaliya**

સત્ય અને જ્ઞાનની પ્રાપ્તિ માટે જીવનભર અનેક મુશ્કેલીઓ સહન કરનાર થોડાંક ગુજરાતી પંડિતોમાં બહેચરદાસ દોશીનું નામ ઘણું મહત્વનું છે. ગુજરાતના જ નહિ પરંતુ ભારતના અગ્રગણ્ય સાક્ષર, સમાજસેવક અને રાષ્ટ્રસેવક બહેચરદાસ દોશીનો જન્મ ૦૨-૧૧-૧૮૮૯ માં વલ્લભીપુરમાં થયો હતો. એમના પિતા જીવરાજ લાધાભાઇ દોશી અને માતા ઓતમબાઈ. જ્ઞાતિએ વીસાશ્રીમાળી જૈન. કુટુંબની આર્થિક સ્થિતિ ઘણી નબળી હોવાથી પંડિતજીના ભણતરની શરૂઆત વળાની ધૂળી નિશાળમાં જ થઇ. ત્યાર પછી પાંચ ચોપડી તેઓ પોતાના મોસાળ સણોસરામાં ભણ્યાં. અને છઠ્ઠી ચોપડી વલ્લભીપુરમાં આવીને પૂર્ણ કરી. એ દરમિયાન એમની ૧૦ વર્ષની ઉમરે જ તેમના પિતાનું અવસં થયું. કુટુંબની આજીવિકાનો પ્રશ્ન ઘણો મુશ્કેલી ભર્યો હતો. સમાજની પ્રચલિત માન્યતા પ્રમાણે પિતાનું કારજ કરવા માટે પણ તેમની માતાને પોતાનાં ઘરેણાં વહેંચવા પડ્યાં હતાં. માતાએ અન્યના ઘરોમાં જુદાં જુદાં કામ કરી કરી ઘર ચલાવવાનો ઘણો પ્રયત્ન કર્યો, તેમ છતાં ઘરનો નિર્વાહ થઇ શકતો નહિ. પોતાની માતાશ્રીની આમ રાત-દિવસ કામ કરતાં જોઇને તેમને મદદ કરવામાં ક્યારેય નાનપ કે શરમનો અનુભવ કર્યો નહોતો.

આગળ અભ્યાસ કરવાની ઈચ્છા હોવા છતાં આજીવિકાનો પ્રશ્ન જ એટલો વિકટ હતો કે ભણવાનો વિચાર કરવો પરવડે તેમ નહોતું. એ સમય દરમિયાન બાજુના માંડળમાં જૈનઆચાર્ય વિજયધર્મસૂરિજીએ સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કરી, તેમાં અભ્યાસ કરવાં કરવા માટે વલ્લભીપૂરનો જ રહેવાશી હર્ષચંદ્ર માંડળ જતો હતો તેની સાથે પંડિતજી પણ જોડાય ગયા. વિજયધર્મસૂરિજી જૈન ધર્મના ઉત્કર્ષ માટે જૈન પરંપરામાં જૈન વિદ્વાનો ઉભા કરવાનો મનોરથ સેવતા હતા. પંડિતજીની કુશાગ્ર બુદ્ધિથી તેઓ પ્રભાવિત થયા હતા. પણ માંડળમાં શરુ થયેલી આ શાળા વધુ વખત ચાલી શકી નહિ. ગુજરાતના અર્થપ્રધાન વાતાવરણમાં વિજયધર્મસૂરિજીને આગળ કામ કરવું અઘરું માલુમ પડતાં તેમણે કશી જવાનો વિઅચાર કર્યો. પંડિતજીએ પણ કશી આવવાની ઈચ્છા પ્રગટ કરી, પરંતુ માતાના આગ્રહથી તેઓ કશી જઈ શક્યા નહિ. પંડિતજીએ પાંચ-સાત મહિનામાં માંડળની શાળામાં કૌમુદીનો અભ્યાસ કર્યો હતો. પરંતુ હવે તેઓ માતાની ઈચ્છા પ્રમાણે પાછા ફરીને સાતમી ચોપડી પૂરી કરે છે.

બહેચરદસનું મન ભણવામાં લાગી ગયું હતું. સામાન્ય અભ્યાસથી તેમના મનનો વિદ્યારસ સંતોષય તેમ નહોતો. તેથી નજીકમાં જ પાલિતાણામાં રહીને નવતત્વ વગેરે ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ કર્યો. તેમ છતાં તેમનું વિશેષ અભ્યાસ માટે સતત કશી જવાનું કહી રહ્યું હતું. પોતે જાણતા હતાં કે માતા કશી જવાની આજ્ઞા આપશે નહિ, તેથી તેમને પૂછ્યા વિના જ તેઓ કશી રવાના થઇ ગયા. કાશીમાં જઈ તેમને વિજયધર્મસૂરિજી પાસે જૈન ધર્મનો અભ્યાસ શરુ જ કર્યો હતો કે તેમાં તેમને શીતળાનો વ્યાધી લાગુ પાયો. માતાને આ વાતના સમાચાર મળતાં પગપાળા તેઓ કશી પહોંચી ગયા. બે વર્ષ સુધી અહીં રહીને જ પંડિતજીએ વિવિધ ગ્રંથોનો અભ્યાસ અક્ર્યો. વચ્ચે થોડો સમય વલ્લભીપુર જઈ આવ્યા. પરત ફરી બનારસમાં આગળનો અભ્યસાસ શરુ કરો. અહીં હરગોવિંદદાસ ત્રિકમદાસ શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળના ગ્રંથોનું જે સંપાદન કરતા હતાં તેમાં સહાયક સંપાદક તરીકે તેઓ જોડાયા. બનેના પ્રયત્નોથી આ ગ્રંથમાળામાં કુલ ૧૬ જેટલાં

સંપાદનો પ્રગટ થયાં. ધીમે ધીમે પંડિતજી પ્રાકૃત અને અર્ધ-માગધી ભાષામાં પ્રવીણ થતાં ગયાં.

પ્રારંભમાં જૈન ધર્મ ઉપર તેમને એકાંગી શ્રદ્ધા હોવાથી તેઓ જૈન સાહિત્ય સિવાયના અન્ય ગ્રંથોનો અભ્યાસ કરવામાં ખાસ રૂચી દાખવતા નહોતા. પરંતુ પ્રાકૃત અને અર્ધ-માગધી ભાષાના અભ્યાસ પછી જે મૌલિક ચિંતન પ્રગટ થયું તેનાં લીધે તેમને આગમ ગ્રંથોનો પણ અભ્યાસ કરવાની જરૂર જણાય. આ અભ્યાસ દરમિયાન તેમને અનુભવ થયો કે જૈન સંસ્કૃત ગ્રંથોનો અનુવાદ કરી તેને  સર્વજન માટે સુગમ કરવું જોઈએ. આ વિચારથી તેઓ બનારસ છોડી અમદાવાદ આવીને જિનાગામ પ્રકાશન સભામાં જોડાયા. આ સંસ્થાનો મુખ્ય ઉદેશ જૈન આગમોનાં પ્રમાણભૂત ભાષાંતરો પ્રગટ કરવાનો હતો. પરંતુ તે સમયે આ પ્રકારના અનુવાદ સામે ઘણા જૈનો સખત વિરોધ કરી રહ્યાં હતાં. આ સમયગાળા દરિમયાન મુંબઈમાં 'જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલ હાનિ' એ વિષય ઉપર જાહેરમાં ભાષણ આપ્યું. પરિણામે જૈન સંઘમાં તેમનો ભારે વિરાધો થયો. એટલું જ નહિ તેમને સંઘ બહાર મુકવામાં આવ્યા. તેમ છતાં પંડિતજી પોતાના વિચારો ઉપર કાયમ રહ્યાં, તેમેજ પોતાના વિચારોને વળગી રહ્યાં.

આ સમય દરમિયાન તેમનો પરિચય ગાંધીજી સાથે થયો. પંડિતજીની સત્યનિષ્ઠા અને પંડિતાઈ જોઇને ગધાનીજી ઘણાં પ્રભાવિત થયા. જેનાં પરિણામે તેઓ ગુજરાત પુરાતત્વ મંદિરમાં જોડાયા. અહીં તેમને પંડિત સુખલાલજી સાથે રહીને સન્મતિ-તર્કસંપાદનનું અતિ દુષ્કર કાર્ય કર્યું. પ્રાચીન પ્રમાણભૂત ગ્રંથોના સંપાદનમાં આ ગ્રંથનું સંપાદન નમૂનેદાર ગણાય છે. પાંચ ભાગમાં થયેલું આ કાર્ય ઘણું દુષ્કર અને ચીવટ માંગે તેવું હતું. તેમ છતાં પંડિતજીએ વિવેચન સહિત આ પાંચ ભાગનું સંપાદન કરીને એક મહત્વનું કાર્ય કર્યું.

ગાંધીજીના પ્રભાવમાં આવ્યા પછી તેમની વિચારધારાનું અનુસરણ કરતાં દાંડીકુચ વખતે નવ મહિનાનો કારાવાસ પણ ભોગવવો પડેલો. પછીનો સમય તેમના માટે ઘણો પડકાર રૂપ હતો. એક તો જેલમાં જવાથી તેમની આજીવિકા છુટી ગઈ હતી. ઉપરથી અંગ્રેજી હુકુમ્તે તેમને કોઈ પણ જગ્યાએ દાખલ થવાનો સખત માની હુકમ ફરમાવ્યો હતો. આ સ્થિતિમાં કુટુંબનું ભારણ-પોષણ કરવાની કપરી જવાબદારી કઈ રીતે નિભાવવી તેનો મોટો પ્રશ્ન તેમની સામે હતો. આ સમયમાં તેમણે જુદા જુદા પ્રદેશોમાં સ્થાનકવાસી સાધુઓ અને અન્યને ભણાવીને પોતાની આજીવિકા મેળવવાનો પ્રયત્ન કર્યો . પાંચેક વર્ષના આ કપરાં કાળમાં એક વખત પણ ચિત્તમાં વિકાર ઉતપન્ન થયા ચીના પંડિતજી વિદ્યા-વ્યસંગી બની રહ્યાં. કોઈ સમાન્ય માણસ હોય તો નિરાશ થઈને કોઈ બીજો માર્ગ પસંદ કરી જીવન નિર્વાહની મુશ્કેલીને દુર કરવા પ્રયત્નશીલ થયો હોત. છેક ૧૯૩૮ માં જયારે અમદાવાદમાં એલ. ડી. આટર્સ કોલેજની સ્થાપના થઇ ત્યારે આનંદશંકર ધ્રુવના પ્રયત્નોથી તે કોલેજમાં અર્ધમાગધીના પ્રાધ્યાપક તરીકે તેમની નિમણુક થઇ, ત્યારે તેમની આજીવિકાનો પ્રશ્ન હાલ થયો. અહીં સુધીની પંડિતજીની યાત્રા અનેક મુશ્કેલીઓથી ભરેલી હતી. પરંતુ આ સમય દરમિયાન એમણે જે વિદ્યા-તપ કર્યું હતું તે હવે પછીના સમયમાં વધારે ચમકી ઊઠવાનું હતું. એમનો અનુભવ અને

સંસ્કૃત, પ્રાકૃત વગેરે ભાષાઓનું જ્ઞાન તેમને ભારતના પ્રથમ પંક્તિના વિદ્વાનોમાં બેસાડવા માટે પુરતું હતું.

ઈ.સ. ૧૯૪૦ માં તેમને મુંબઈ યુનિવર્સીટીની ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં 'ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ' એ વિષય ઉપર જે વ્યાખ્યાનો આપ્યાં તે તો ગુજરાતી ભાષાના ઇતિહાસની એક મહત્વની ઘટના છે. બારમાં સૈકાથી અઢારમાં સૈકા સુધીની ગુજરાતી ભાષાની પ્રગતિનો જે ઐતિહાસિક આલેખ તેમણે આ વ્યાખ્યાનમાળામાં આપ્યો તે બેનમુન છે. પાંચ વ્યાખ્યાનોમાં ગુજરાતી ભાષાની વિકાસ યાત્રાનું દ્રષ્ટાંત સહિત અહીં વિવેચન કરવામાં આવ્યું છે. આ વ્યાખ્યાનો મુંબઈ યુનિવર્સીટીએ ઈ.સ. ૧૯૪૩ માં પુસ્તક રૂપે પ્રગટ કાર્ય છે. પાંચ વ્યાખ્યાનો અને સાતસો જેટલાં પાનાંઓમાં પંડિતજીએ ગુજરાતી ભાષાની સૈકા પ્રમાણે બદલાતી તાસીરનો પરિચય કરાવ્યો છે. ગુજરાતી ભાષાવિજ્ઞાન ક્ષેત્રે આ ગ્રંથ ઘણો મુલ્યવાન છે. જૈન સાહિત્ય, સંસ્કૃત, પ્રાકૃત વગેરે ભાષામાં તેમણે અગાઉ જે મહત્વના કર્યો કર્યા હતાં તેનાં પરિપક સ્વરૂપે આ વ્યાખ્યાન જોઈ શકાય. આ ગ્રંથમાં ભારતીય આર્ય ભાષાથી ગુજરાતી ભાષા સુધીના મહત્વના સ્થિત્યંતરોનું પરંપરાગત છતાં પાંડિત્યપૂર્ણ નિરૂપણ થયું છે.

પંડિતજીએ પ્રાકૃત ભાષાને ધ્યાનમાં રાખી 'પ્રાકૃત માર્ગોપદેશિકા' તથા 'પ્રાકૃત વ્યાકરણ' એવા બે પુસ્તકો આપ્યાં છે. જેમાં તેમણે પ્રાકૃત ભાષાના વ્યાકરણની મહત્વની ચર્ચા કરી છે. જેમ ગુજરાતી ભષાનું વ્યાકરણ નિયમબદ્ધ છે તેમ પ્રાકૃત ભાષાનું વ્યાકરણ પણ નિયમબદ્ધ છે. પ્રાકૃત ભાષાના અભ્યાસીઓ માટે આ બંને પુસ્તક ઘણા મહત્વના છે. અથવા કહો કે પ્રાકૃત ભાષાનું વ્યાકરણ શીખવા માટે પાયાના પુસ્તકો છે. આમ પણ આપણી પાસે પ્રાકૃત ભાષાનું સાહિત્ય પ્રમાણમાં ઘણું ઓછુ સચવાયું છે. તેમને 'હેમચંદ્રાચાર્ય' નામે હેમચંદ્રના જીવન આધારિત પરિચય પુસ્તક પણ લખ્યું છે. હેમચંદ્રાચાર્ય દ્વારા રચાયેલ 'દેશીનામમાલા' ને પંડિતજીએ 'દેશીશબ્દસંગ્રહ' એ નામથી સંપાદિત કર્યો છે. ઉપરાંત તેનું વિવેચન અને અનુવાદ પણ આપ્યો છે. હેમચંદ્રાચાર્યના પ્રસિદ્ધ ગ્રંથ 'સિદ્ધહેમ શબ્દનુશાસન' ને ખંડ ૧ થી ૩ માં સંપાદિત કરી તેનો અનુવાદ આપ્યો છે. સાથે સાથે તેનું વિવેચન પણ કર્યું છે. આ ઉપરાંત તેમણે 'જૈનદર્શન ' નામનો એક ગ્રંથ આપ્યો છે. જે ષટદર્શન સમુચ્ચયની ગુણરત્નની ટીકાનો અનુવાદ છે. જૈન ધર્મ અને તેના સિદ્ધાંતોને અન્ય દર્શન સાથે સરખાવીને તેની ઉત્તમતા પ્રગટ કરતો આ અનુવાદિત ગ્રંથ જૈન સાહિત્યમાં ઘણો મહત્વનો છે. આ ઉપરાંત 'રાયસેણિયસુત્ત', 'ભગવતી સૂત્ર', 'વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ'ની સમીક્ષિત તેમજ પ્રમાણભૂત વાંચનાઓ તૈયાર કરી આપી છે. જે આ પ્રકારના કાર્યને પ્રોત્સાહિત કરનાર બની રહી છે.

જીવનભર માત્ર વિદ્યા-તપમાં વૃદ્ધિ કરવાની ઝંખના તેમને હંમેશા પ્રેરિત કરતી રહી. તેમની પાસે સત્ય અને વિદ્યાનું જે બળ હતું તે ઘણાં ઓછાં વ્યક્તિઓમાં જોવા મળે છે. સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં પાંડિત્ય અને શાસ્ત્રનિષ્ઠા માટે ઈ.સ. ૧૯૬૪ માં તત્કાલીન રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણન તરફથી સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત જુદી જુદી સંસ્થાઓ તરફથી તેમને સાત જેટલા સુવર્ણચંદ્રકો પ્રાપ્ત થયાં હતાં. જે તેમની પ્રતિભાનો પરિચય કરાવે છે. એલ.ડી. કોલેજમાંથી નિવૃત થયા બાદ પણ તેઓ લા. દ. પ્રાચ્યવિદ્યામંદિરમાં પોતાની અવિરત સેવાઓ આપતાં રહ્યાં. એટલું જ નહિ તેમના

માર્ગદર્શન હેઠળ ઘણાં વિદ્યાર્થીએ પીએચ. ડી. ની પદવી પણ પ્રાપ્ત કરી છે. આવા સત્યનિષ્ઠ અને વિદ્યા-વ્યાસંગી પંડિતજીનું ૧૧-૧૦-૧૯૮૨ ના રોજ અવસાન થયું. પંડિતજીનું જીવન આજે ઘણું પ્રેરણારૂપ છે. વિદ્વતા પ્રત્યે ઉદાસીનતા દાખવતો વર્તમાન સમય પંડિત બેચરદાસ દોશી જેવા વિદ્વાનોના જીવનમાંથી ઘણું શીખી શકે તેમ છે.